# વડાપ્રધાન મોદીએ આસામમાં હાઈવે પરની ઈમરજન્સી લેન્ડિંગ ફેસિલિટી પર ઉતરાણ કર્યું



### ૧૦૦ કરોડ રૂ.ના ખર્ચે તૈયાર કરાયેલ આ સવલત નાગરિક અને લશ્કરી બંને ઉપયોગ માટે બનાવાઇ છે

**કટોકટીના** સમયે દિબ્રુગઢ એરપોર્ટના વિકલ્પ તરીકે પણ કામ આપી શકે છે

આ ઇમરજન્સી લેન્ડિંગ ફેસીલીટી અંદાજે ૧૦૦ કરોડના ખર્ચે તૈયાર કરવામાં આવી છે. તે દિબ્રુગઢમાં હાઇવેના મોરાન બાયપાસ પરના એક પટ્ટા પર તૈયાર કરાઇ છે. આ ઉત્તર-પૂર્વનો આવો પ્રથમ ઇન્ફ્રાસ્ટ્રક્ચર પ્રોજેક્ટ છે. આ સુવિધા પ્રદેશમાં સંરક્ષણ, લોજિસ્ટિક્સ અને આપત્તિ પ્રતિભાવને મજબૂત બનાવશે, તેમજ તેને નાગરિક અને લશ્કરી એમ બંને ઉપયોગ માટે ડિઝાઇન કરવામાં આવી છે, જે કટોકટી દરમિયાન દિબ્રુગઢ એરપોર્ટના વિકલ્પ તરીકે સેવા આપશે. આ ELF ૪૦ ટન સુધીના ફાઈટર એરક્રાફ્ટ અને ૭૪ ટન સુધીના મહત્તમ ટેક-ઓફ વજનવાળા ટ્રાન્સપોર્ટ એરક્રાફ્ટને હેન્ડલ કરવા માટે સક્ષમ છે.

**દિબ્રુગઢ** નજીક હાઇવેના બાયપાસ રોડ પર ખાસ તૈયાર કરાયેલા પટ્ટા પર વડાપ્રધાનના C-130J વિમાને લેન્ડિંગ કર્યું

**આવી** રીતે ઉતરાણ કરનાર પ્રથમ વડાપ્રધાન બન્યા

નવી દિલ્હી,તા. ૧૪: એક ઐતિહાસિક ઘટનામાં, વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું વિમાન શનિવારે સવારે આસામના મોરાન ખાતે ઉત્તર-પૂર્વની પ્રથમ ઈમરજન્સી લેન્ડિંગ ફેસિલિટી (ELF) પર ઉતર્યું હતું, જે રાજ્યના વ્યૂહાત્મક અને માળખાગત વિકાસમાં એક મહત્વપૂર્ણ સીમાચિહ્નરૂપ છે. રાષ્ટ્રીય ધોરીમાર્ગના આ ખાસ તૈયાર કરાયેલા પટ્ટાને કટોકટીના સમયે ભારતીય વાયુસેનાના ફાઈટર જેટ્સના ટેક-ઓફ અને લેન્ડિંગ માટે વિકસાવવામાં આવ્યો છે. વડાપ્રધાને આ ૪.૨ કિમી લાંબા પટ્ટા પર પ્રથમ લેન્ડિંગ કરીને ચૂંટણી તરફ જઈ રહેલા આ રાજ્યમાં આ સુવિધાનું ઉદ્ઘાટન કર્યું હતું.

પીએમ મોદી અગાઉ ચબુઆ એરફિલ્ડ પર ઉતર્યા હતા અને ત્યાંથી તેઓ દિબ્રુગઢમાં મોરાન બાયપાસ પર આવેલી ઈમરજન્સી લેન્ડિંગ ફેસિલિટી પર પહોંચ્યા હતા. તેમણે આ સુવિધા સુધી પહોંચવા માટે ચબુઆથી ભારતીય વાયુસેનાના C-130J વિમાનનો ઉપયોગ કર્યો હતો. વડાપ્રધાને ભારતીય વાયુસેના દ્વારા પ્રસ્તુત ૪૦ મિનિટના હવાઈ પ્રદર્શનનું પણ નિરીક્ષણ કર્યું હતું, જેમાં ફાઈટર જેટ્સ, ટ્રાન્સપોર્ટ એરક્રાફ્ટ અને હેલિકોપ્ટર સામેલ હતા.

આ પ્રદર્શનોએ ભારતીય વાયુસેનાની ઓપરેશનલ સજ્જતા અને હાઈવેની બેવડા ઉપયોગની ક્ષમતા દર્શાવી હતી. આ કવાયતના ભાગરૂપે, સુખોઈ Su-30MKI અને રાફેલ જેવા ફાઈટર એરક્રાફ્ટે આ ઈમરજન્સી લેન્ડિંગ ફેસિલિટી પરથી પોતાની કામગીરી કરી હતી. આ સિવાય કાર્ગો અને મુસાફરોના પરિવહન માટે જાણીતું An-32 વિમાન પણ આ પ્રદર્શનમાં પ્રદર્શિત કરવામાં આવ્યું હતું.



કાર્નિવલની સીઝન શરૂ થઇ ગઇ છે ત્યારે રંગબેરંગી કાર્નિવલો અને સામ્બા સરઘસો માટે જાણીતા બ્રાઝિલના સાઓ પૌલો શહેરના સામ્બા સરઘસનું એક દ્રશ્ય

**પોલીસ શ્રદ્ધાળુઓને 'સર અથવા મેડમ' કહીને સંબોધશે!**

# મહાશિવરાત્રી પર્વે યુપી પોલીસ કાશીધામના ભક્તોનું હાથ જોડીને સ્વાગત કરશે

**રવિવારે** કાશીમાં આશરે 15-20 લાખ શ્રદ્ધાળુઓ આવવાની અપેક્ષા

વારાણસી (યુપી): તા. 14:

આ મહાશિવરાત્રી પર શ્રી કાશી વિશ્વનાથ ધામની મુલાકાત લેનારા લાખો ભક્તોને પોલીસનું એક અલગ રૂપ જોવા મળશે. પોલીસને નિર્દેશ આપવામાં આવ્યો છે કે,

મુલાકાતીઓને 'સર' અથવા 'મેડમ' કહીને સંબોધવા અને હાથ જોડીને ભક્તોનું અભિવાદન કરવું.

ગુરુવારે મંદિર સંકુલની અંદર ત્ર્યંબકેશ્વર હોલમાં ભક્તો સાથે પોલીસના વર્તન અંગેની બેઠક યોજાયા બાદ એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે, પોલીસ કર્મચારીઓને કોઈપણ સંજોગોમાં ભક્તો પ્રત્યે કઠોર ભાષા, અપશબ્દોનો ઉપયોગ કરવા અથવા અશોભનીય વર્તન કરવાથી દૂર રહેવા સૂચના આપવામાં આવી છે. પોલીસે જણાવ્યું હતું કે, ગેરવર્તણૂક બદલ શિસ્તભંગના પગલાં લેવામાં આવશે.

વારાણસીના પોલીસ કમિશનર મોહિત અગ્રવાલે શુક્રવારે જણાવ્યું હતું કે, રવિવારે કાશીમાં આશરે 15-20 લાખ ભક્તો આવવાની અપેક્ષા છે, જેમાં પોલીસ કર્મચારીઓને 'સોફ્ટ સ્કીલ્સ'ની તાલીમ આપવામાં આવી રહી છે.

પોલીસ કમિશનરે કહ્યું કે, વિશાળ ભીડને સંભાળવા માટે ઝીણવટભરી તૈયારીઓ ચાલી રહી છે.

અગ્રવાલે જણાવ્યું હતું કે, મંદિર પરિસરમાં આવતા ભક્તોને પોલીસ કર્મચારીઓ 'સર' અથવા 'મેડમ' કહીને સંબોધશે અને તમામ પ્રવેશ બિંદુઓ પરના તમામ કર્મચારીઓને હાથ જોડીને ભક્તોનું સ્વાગત કરવા સૂચનાઓ આપવામાં આવી છે. અગ્રવાલે ઉમેર્યું હતું કે, ''વરિષ્ઠ નાગરિકો, મહિલાઓ અને દિવ્યાંગો પ્રત્યે વિશેષ સંવેદનશીલતા દર્શાવવામાં આવશે.'' તમામ ભક્તો સરળતાથી 'દર્શન' પૂર્ણ કરી શકે તે સુનિશ્ચિત કરવા માટે પોલીસ કર્મચારીઓ માર્ગદર્શક તરીકે પણ મદદ કરશે.

# અમેરિકામાં ભારતીય વિદ્યાર્થી ગુમ થયો

**કર્ણાટકની** વતની સાકેત શ્રીનિવાસૈયાનો પાસપોર્ટ અને બેગ મળી આવ્યા

ન્યૂયોર્ક, તા. 14 (PTI): અમેરિકાના કેલિફોર્નિયા રાજ્યમાં 22 વર્ષીય ભારતીય અનુસ્નાતક વિદ્યાર્થી ગુમ થયો છે, જેને શોધવા માટે સત્તાવાળાઓ દ્વારા પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે.

કર્ણાટકનો વતની અને યુસી બર્કલેનો વિદ્યાર્થી સાકેત શ્રીનિવાસૈયા મંગળવારે ગુમ થયો હતો, તેમ સ્થાનિક મીડિયાએ પોલીસને ટાંકીને જણાવ્યું હતું. 'ધ બર્કલે સ્કેનર' ન્યૂઝ પોર્ટલના અહેવાલ મુજબ, તેનો પાસપોર્ટ અને લેપટોપ ધરાવતી બેગ પાર્ક હિલ્સ વિસ્તારમાં એક ઘરના દરવાજા પાસેથી મળી આવી હતી.

સાન ફ્રાન્સિસ્કોમાં સ્થિત ભારતીય કોન્સ્યુલેટે તેના ગુમ થવા અંગે ઊંડી ચિંતા વ્યક્ત કરી છે.

કોન્સ્યુલેટે એક્સ પર એક પોસ્ટમાં જણાવ્યું હતું કે, ''કર્ણાટક રાજ્યના વતની અને યુસી બર્કલેના ભારતીય અનુસ્નાતક વિદ્યાર્થી સાકેત શ્રીનિવાસૈયાના ગુમ થવા અંગે અમે અત્યંત ચિંતિત છીએ.''

કોન્સ્યુલેટે વધુમાં ઉમેર્યું હતું કે, ''કોન્સ્યુલેટ પરિવારના સંપર્કમાં છે અને વિદ્યાર્થીને શોધવા માટે સ્થાનિક સત્તાવાળાઓ સાથે પણ સંપર્કમાં છે.''

અહેવાલમાં પોલીસને ટાંકીને જણાવવામાં આવ્યું છે કે, સાકેત છેલ્લે ડ્વાઈટ વેના 1700 બ્લોકમાં જોવા મળ્યો હતો. તેનું વર્ણન કરતાં જણાવાયું છે કે, તેની ઊંચાઈ અંદાજે 6 ફૂટ 1 ઈંચ છે, વજન આશરે 73 કિલોગ્રામ છે, અને તે ટૂંકા કાળા વાળ તથા કથ્થઈ આંખો ધરાવે છે.

# એપસ્ટાઈનની હત્યા કરવામાં આવી હોવાના વધતા પુરાવાઓ

**એપસ્ટાઇન** મૃત મળી આવ્યો તે પહેલાના વીડિયોમાં શંકાસ્પદ હલચલ દેખાઇ

**ડોક્ટરે** કહ્યું કે એપસ્ટાઇનનું ગળું ઘોંટવામાં આવ્યું હતું

ન્યૂયોર્ક, તા. 14: ન્યૂયોર્ક ડિટેન્શન સેન્ટરની નિરસ રાખોડી કોંક્રીટ વચ્ચે એક 'કેસરી રંગની ઝલક' છે. પરંતુ કેટલાક લોકો માટે તે તાજેતરમાં એપસ્ટાઇન ફાઇલોમાંથી જાહેર કરવામાં આવેલા ત્રીસ લાખ દસ્તાવેજોમાં આ સૌથી મહત્ત્વપૂર્ણ ઘટસ્ફોટ હોઈ શકે છે.

કારણ કે, વીડિયોનો આ અસ્પષ્ટ અંશ પેડોફાઇલ ફાઈનાન્સર જેફરી એપસ્ટાઇન વિશેની સૌથી ગરમાગરમ ચર્ચાઓ પર નવો પ્રકાશ ફેંકી શકે છે: ઓગસ્ટ 2019માં સેક્સ ટ્રાફિકિંગના આરોપો હેઠળ ટ્રાયલની રાહ જોતી વખતે તેના વિવાદાસ્પદ મૃત્યુ પાછળનું સત્ય.

યુએસ ડિપાર્ટમેન્ટ ઓફ જસ્ટિસ દ્વારા બહાર પાડવામાં આવેલા દસ્તાવેજો અનુસાર, જે રાત્રે મેનહટનના મેટ્રોપોલિટન કરેક્શનલ સેન્ટરમાં એપસ્ટાઇન મૃત હાલતમાં મળી આવ્યો હતો, તે રાત્રિના સર્વેલન્સ વીડિયોની તપાસ કરી રહેલા તપાસકર્તાઓએ જેલના જે વિભાગમાં (જેને 'ટિયર' તરીકે ઓળખવામાં આવે છે) તેની સેલ હતી, તે તરફ જતી સીડી પર એક ઝાંખો, કેસરી રંગનો આકાર જોયો હતો.

કેદીઓને કેસરી રંગના કપડાં અને પથારી આપવામાં આવતી હતી, તેમ છતાં આ દ્રશ્ય રાત્રે 10.39 વાગ્યે જોવા મળ્યું હતું જ્યારે કેદીઓને રાત્રિ માટે બંધ કરી દેવા જોઈએ. તેના આઠ કલાક કરતાં પણ ઓછા સમય પછી 66 વર્ષીય એપસ્ટાઈનની લાશ જેલના ટિયર એલમાં તેની સેલમાંથી મળી આવી હતી.

એપસ્ટાઈન ફાઈલોના નવીનતમ પ્રકાશનમાં આ રહસ્યમય 'કેસરી રંગની ઝલક' એ અનેક વિગતોમાંની એક છે જે સત્તાવાર નિવેદન કે 'તેણે પોતાનું જીવન ટૂંકાવ્યું હતું' તેના પર શંકા પેદા કરે છે.

# કોંગ્રેસે ઉત્તર-પૂર્વની ઉપેક્ષા કરી, આસામમાં બળવાખોરીને પ્રોત્સાહન આપ્યું: મોદી

**આસામમાં** ભાજપ કાર્યકરોને સંબોધતા મોદીના આકરા પ્રહારો

ગુવાહાટી, તા. ૧૪ (PTI): વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ શનિવારે કોંગ્રેસ પર જોરદાર પ્રહાર કરતાં આરોપ લગાવ્યો હતો કે, તેણે ઉત્તર-પૂર્વની ઉપેક્ષા કરી છે અને તેના શાસન દરમિયાન આસામમાં બળવાખોરીને પ્રોત્સાહન આપ્યું છે.

અહીં ભાજપના કાર્યકરો સહિતની એક જાહેર સભાને સંબોધતાં મોદીએ આરોપ લગાવ્યો હતો કે કોંગ્રેસે હંમેશાં રાષ્ટ્રની સુરક્ષાને જોખમમાં મૂકી છે અને આસામમાં તેના કાર્યકાળ દરમિયાન ડર અને અસુરક્ષાનો માહોલ રહ્યો હતો.

વડા પ્રધાને કહ્યું કે, ''કોંગ્રેસે ધ્રુવીકરણ અને વોટ બેંકની રાજનીતિ કરી હતી અને તેને પ્રોત્સાહન મળે તેવા નિર્ણયો લીધા હતા.''

મોદીએ કહ્યું, ''દેશના ભાગલા મુસ્લિમ લીગને કારણે થયા હતા, પરંતુ હવે 'એમએમસી' - માઓવાદી, મુસ્લિમ, કોંગ્રેસ - છે અને લોકોએ જાગૃત રહેવું જોઈએ.''

પીએમએ કોંગ્રેસ પર ઘૂસણખોરોને રક્ષણ આપવાનો આરોપ લગાવ્યો હતો, પરંતુ ભાજપ ગેરકાયદે ઈમિગ્રેશનને ખતમ કરવા માટે પ્રતિબદ્ધ છે અને તેથી રાજ્ય માટે આગામી પાંચ વર્ષ ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે''. વડા પ્રધાને એવો પણ દાવો કર્યો હતો કે, કોંગ્રેસ આસામમાં 10 વર્ષથી સત્તાની બહાર હોવાથી, જ્યારે તે સત્તામાં હતી તેના કરતાં અત્યારે વધુ ખતરનાક બની છે અને આ બાબત તેના નેતાઓ દ્વારા કરવામાં આવેલા ઝેરી નિવેદનો પરથી સ્પષ્ટ થાય છે.

વડા પ્રધાને ભારપૂર્વક જણાવ્યું હતું કે, સાત દાયકા સુધીમાં કોંગ્રેસે બ્રહ્મપુત્રા પર માત્ર ત્રણ પુલ બનાવ્યા હતા, પરંતુ ભાજપ સરકારે ૧૦ વર્ષમાં પાંચ પુલ બનાવ્યા છે.

પીએમએ કહ્યું કે, ભાજપ સરકારના પ્રયાસોને કારણે આસામમાં સર્વાંગી વિકાસ થઈ રહ્યો છે.

# મેઘાલયમાં કોલસાની ખાણમાં વિસ્ફોટમાં મૃત જાહેર શ્રમિક જીવતો ઘરે પરત ફર્યો

**જે શ્રમજીવીના** અંતિમ સંસ્કાર થઈ ચૂક્યા હતા તે જીવતો ઘરે પરત ફરતાં પરિવાર ચોંકી ઊઠ્યો

શ્રીભૂમિ/હૈલાકાંડી (આસામ), તા. ૧૪ (PTI): મેઘાલયની ઈસ્ટ જૈંતિયા હિલ્સ કોલસાની ખાણમાં થયેલા વિસ્ફોટમાં જેમને મૃત જાહેર કરવામાં આવ્યો હતો, તે શ્રમિક આસામના શ્રીભૂમિ જિલ્લામાં પોતાના ઘરે પરત ફરતાં તેનો પરિવાર ચોંકી ગયો હતો. તેમ અધિકારીઓએ શનિવારે જણાવ્યું હતું.

આ ઘટનાને પગલે બંને પાડોશી રાજ્યોના પોલીસ દળોએ વિસ્ફોટ બાદ શ્રમિકના અણધાર્યા પરત આવવા પાછળના સંજોગોની સંયુક્ત તપાસ શરૂ કરી છે.

જિલ્લા વહીવટીતંત્રના એક વરિષ્ઠ અધિકારીએ જણાવ્યું હતું કે, ''શ્રમિક ગુરુવારે શ્રીભૂમિ જિલ્લાના રામકૃષ્ણ નગર સર્કલ હેઠળના મુલિયાલા ગામમાં આવેલા પોતાના ઘરે પહોંચતાં પરિવાર અને ગામજનો ચોંકી ગયા હતા. કારણ કે, અગાઉ આ શ્રમિકનો મૃતદેહ સમજીને તેના અંતિમ સંસ્કાર કરી દેવામાં આવ્યા હતા.''

અધિકારીએ ઉમેર્યું હતું કે, ૪૪ વર્ષીય શ્યામબાબુ સિંહાનો ફોન સંપર્ક વિહોણો હોવાથી વિસ્ફોટ બાદ તેનો પરિવાર તેને શોધવા મેઘાલય ગયો હતો.

અધિકારીએ જણાવ્યું કે, ''સિંહાનો પત્તો ન લાગતા સ્થાનિક સત્તાવાળાઓ દ્વારા તેની પત્ની અને પુત્રીને હોસ્પિટલ લઈ જવામાં આવ્યા હતા. વિસ્ફોટને કારણે મોટા ભાગના ભોગ બનનારાઓના ચહેરા ઓળખી ન શકાય તે રીતે ક્ષતિગ્રસ્ત થયા હતા. તેના પરિવારે એક મૃતદેહને શ્યામબાબુ તરીકે ઓળખી કાઢ્યો હતો.''

# પુતિનના ભયાનક ટોર્ચર સેન્ટરોમાં કેદીઓને એલિફન્ટ માસ્ક પહેરાવીને ગેસ આપવામાં આવે છે

**ટોર્ચર** ગુલાગ્સ (યાતના શિબિર)માં કેદીઓનો 'માનવ ફર્નિચર' તરીકે ઉપયોગ કરવામાં આવે છે

**યુક્રેનિયન** યુદ્ધ કેદીઓ પર થતા અત્યાચારોની ભયંકર વિગતો બહાર આવી

મોસ્કો, તા. 14: જ્યારે યુક્રેનિયન કેદીઓની પ્રથમ ટુકડી દક્ષિણ રશિયન શહેર ટેગનરોગમાં પ્રી-ટ્રાયલ ડિટેન્શન ફેસિલિટી નંબર ટુ (એસઆઈઝેડઓ-2) પર પહોંચી ત્યારે તેમનું અજોડ 'સ્વાગત' કરવામાં આવ્યું હતું.

યુક્રેન-રશિયા વચ્ચે ફેબ્રુઆરી 2022માં યુદ્ધ શરૂ થયું તે પહેલાં એસઆઈઝેડઓ-2માં લગભગ 400 રશિયન કેદીઓ હતા અને તે મુખ્યત્વે બાળકોવાળી મહિલાઓ અને કિશોરો માટેનું પ્રી-ટ્રાયલ ડિટેન્શન સેન્ટર હતું.

પરંતુ વ્લાદિમીર પુતિનના સંપૂર્ણ પાયાના આક્રમણ પછી આ સુવિધા યુક્રેનિયન લડવૈયાઓ અને સામાન્ય નાગરિક બંધકો માટે 'યાતના મશીન'માં ફેરવાઈ ગઈ. તેના પ્રથમ યુક્રેનિયન કેદીઓ તે એપ્રિલમાં પહોંચ્યા હતા, જેમને બાંધેલી હાલતમાં અને આંખે પાટા બાંધીને પ્રો-પુતિન 'ઝેડ' ચિહ્નવાળા લશ્કરી ટ્રકોમાં લાવવામાં આવ્યા હતા.

પ્રવેશતાંની સાથે જ ગાર્ડ્સ દ્વારા ભયંકર મારપીટ કરવામાં આવી, જેમણે તેમને લાતો અને મુક્કા માર્યા હતા અને ડંડા વડે ફટકાર્યા હતા. આ એક સંકેત હતો કે આ કોંક્રીટના નરકમાં તેમનું રોજિંદું જીવન કેવું હશે.

માનવ અધિકાર જૂથોએ આ કુખ્યાત સુવિધા વિશે ચેતવણી આપી છે. કારણ કે, ભૂતપૂર્વ કેદીઓએ તેમના પર કરવામાં આવેલી વ્યાપક અત્યાચારની પદ્ધતિઓ વિશે અહેવાલ આપ્યો છે, જેમાં વોટરબોર્ડિંગ, ઈલેક્ટ્રિક શોક અને ટેપ વડે બાંધીને તેમના પર 'માનવ ફર્નિચર' તરીકે બેસવાનો સમાવેશ થાય છે.

યુક્રેનિયનો સામે ઉપયોગમાં લેવાતી આ ભયાનક તક્નિકો ચેર્નોકોઝોવો ડિટેન્શન સેન્ટરની યાદ અપાવે છે - જે બીજા ચેચન યુદ્ધ દરમિયાન કુખ્યાત હતું - જ્યાં કેદીઓને રસાયણોમાં ડૂબાડવામાં આવતા હતા, પીડાદાયક 'મીટ રેક્સ' (માંસના સ્ટેન્ડ) પર ખેંચવામાં આવતા હતા અને 'એલિફન્ટ માસ્ક' પહેરાવી ગેસ આપવામાં આવતો હતો.

# મુંબઈમાં મેટ્રો રેલ લાઈનના પેરાપેટ વોલનો સ્લેબ વાહનો પર તૂટી પડતાં એકનું મોત

**અન્ય** ત્રણ વ્યક્તિને ઇજા, મુલુંડ વિસ્તારમાં બનેલી ઘટના

**વિપક્ષના** ફડણવીસ સરકાર પર આકરા પ્રહારો

મુંબઈ, તા. 14 (PTI): મુંબઈના મુલુંડ વિસ્તારમાં શનિવારે બપોરે નિર્માણાધીન મેટ્રો રેલ લાઇન 4ના ગર્ડર બ્રિજનો એક સ્લેબ કેટલાંક વાહનો પર પડતાં એક વ્યક્તિનું મોત થયું હતું અને અન્ય ત્રણ ઘાયલ થયા હતા, તેમ પોલીસ અને નાગરિક અધિકારીઓએ જણાવ્યું હતું.

અધિકારીઓએ જણાવ્યું હતું કે, મુખ્ય એલબીએસ રોડ પર જોન્સન એન્ડ જોન્સન ફેક્ટરી પાસે બપોરના સમયે ગર્ડર બ્રિજની પેરાપેટ વોલનો એક સ્લેબ એક ઓટોરિક્ષા અને સ્કોડા કાર પર પડ્યો હતો, જેના કારણે બંને વાહનોને ભારે નુકસાન થયું હતું.

ફાયર બ્રિગેડના એક અધિકારીએ મૃતકની ઓળખ રામધન યાદવ તરીકે કરી છે અને ઘાયલોની ઓળખ 45 વર્ષીય રાજકુમાર ઈન્દ્રજીત યાદવ, 52 વર્ષીય મહેન્દ્ર પ્રતાપ યાદવ અને 40 વર્ષીય દીપા રુહિયા તરીકે કરી છે. રાજકુમારની હાલત ગંભીર છે અને તે નજીકની હોસ્પિટલમાં આઈસીયુમાં છે, જ્યારે મહેન્દ્ર અને રુહિયા હાલમાં સ્થિર છે. એમ અધિકારીએ ઉમેર્યું હતું.

એક નિવેદનમાં મુંબઈ મેટ્રોપોલિટન રિજનલ ડેવલપમેન્ટ ઓથોરિટી (એમએમઆરડીએ)એ જણાવ્યું હતું કે, મુલુંડ ફાયર સ્ટેશન પાસે મેટ્રો લાઈનના નિર્માણના પિયર 196 નજીક બપોરે 12:15 વાગ્યે પેરાપેટનો એક ભાગ પસાર થતી ઓટોરિક્ષા પર પડ્યો હતો. મેટ્રો પ્રોજેક્ટ ટીમ સાઈટ પર છે અને બીએમસી તથા ડિઝાસ્ટર મેનેજમેન્ટ સત્તાવાળાઓ સાથે મળીને રાહત કામગીરી અને સાઈટને સુરક્ષિત કરવાનું કામ કરી રહી છે, તેમ નિવેદનમાં જણાવાયું હતું.

નિવેદનમાં વધુમાં ઉમેર્યું હતું કે, આ દુર્ઘટનાનું ચોક્કસ કારણ જાણવા માટે તપાસ ચાલી રહી છે.

રાજ્ય સરકાર પર પ્રહાર કરતાં શિવસેના (યુબીટી) નેતા આદિત્ય ઠાકરેએ જણાવ્યું હતું કે, ગયા વર્ષે ભારે વરસાદ દરમિયાન એક દીવાલ ધરાશાયી થઈ હતી અને તે સમયે નવી ઉદ્ઘાટન કરાયેલી મેટ્રો લાઈન 3માં પૂર જેવી સ્થિતિ સર્જાઈ હતી. તેમણે સવાલ કર્યો હતો કે શું ભાજપના નેતૃત્વવાળી સરકાર આજની ઘટના માટે કોન્ટ્રાક્ટરને બ્લેકલિસ્ટ કરશે?

દરમિયાન, કોંગ્રેસ નેતા વર્ષા ગાયકવાડે આ ઘટનાને લઈને રાજ્ય સરકાર પર આકરા પ્રહારો કર્યા હતા અને પ્રશ્ન કર્યો હતો કે શું મુંબઈના રહેવાસીઓના જીવન આટલા સસ્તા થઈ ગયા છે?

# રશિયાના વિપક્ષી નેતા નવાલ્નીને ઝેર અપાયું હોવાનો પાંચ યુરોપિયન દેશોનો આરોપ

**યુકે,** ફ્રાન્સ, જર્મની, સ્વીડન અને નેધરલેન્ડ્સે સંયુક્ત નિવેદન બહાર પાડી પુટિન તંત્ર પર આ આક્ષેપ મૂક્યો

લંડન, ફેબ્રુઆરી 14 (AP): રશિયન વિરોધ પક્ષના નેતા એલેક્સી નવાલ્નીને ઝેરી દેડકાની ત્વચામાંથી મળતા જીવલેણ ઝેરમાંથી બનાવાયેલ ઝેર આપવામાં આવ્યું હતું, તેમ પાંચ યુરોપિયન દેશોએ શનિવારે રશિયન સરકાર પર આ હુમલાનો આરોપ લગાવતા જણાવ્યું હતું.

યુકે, ફ્રાન્સ, જર્મની, સ્વીડન અને નેધરલેન્ડ્સના વિદેશ મંત્રાલયોએ જણાવ્યું હતું કે બે વર્ષ પહેલાં મૃત્યુ પામેલા નવાલ્નીના નમૂનાઓના વિશ્લેષણમાં એપિબેટિડાઈનની હાજરીની ચોક્કસ પુષ્ટિ થઈ છે. તેમણે કહ્યું કે આ એક એવું ઝેર છે જે દક્ષિણ અમેરિકામાં જોવા મળતા ઝેરી ડાર્ટ દેડકાઓમાં હોય છે અને તે રશિયામાં કુદરતી રીતે જોવા મળતું નથી.

આ દેશોએ એક સંયુક્ત નિવેદનમાં જણાવ્યું હતું કે રશિયા પાસે આ ઝેર આપવા માટેના સાધનો, હેતુ અને તક હતા. તેમણે ઉમેર્યું કે તેઓ 'કેમિકલ વેપન્સ કન્વેન્શન'ના ઉલ્લંઘન બદલ રશિયા સામે 'ઓર્ગેનાઈઝેશન ફોર ધ પ્રોહિબિશન ઓફ કેમિકલ વેપન્સ' માં રિપોર્ટ કરી રહ્યા છે. બ્રિટિશ વિદેશ સચિવ ઈવેટ કૂપરે જણાવ્યું હતું કે, "રશિયા નવાલ્નીને એક ખતરો માનતું હતું. આ પ્રકારના ઝેરનો ઉપયોગ કરીને રશિયન સ્ટેટે તેની પાસે રહેલા ઘૃણાસ્પદ સાધનો અને રાજકીય વિરોધ પ્રત્યેનો તેનો અતિશય ડર પ્રદર્શિત કર્યો છે."

# પુલવામા હુમલાની 7મી વરસી પર શહીદોને દેશે ભાવભીની શ્રદ્ધાંજલિ આપી

**મોદીએ** કહ્યું કે અમે આતંકવાદીઓને કેવી સજા કરી તે આખી દુનિયાએ જોયું

નવી દિલ્હી, તા. 14 (PTI): પુલવામા હુમલામાં શહીદ થયેલા સૈનિકોને ભાવભીની શ્રદ્ધાંજલિ આપવામાં આવી હતી, જેમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ ભારપૂર્વક જણાવ્યું હતું કે, સાત વર્ષ પહેલાં થયેલા આતંકવાદી હુમલાનો સરકારે કેવી રીતે જવાબ આપ્યો તે દુનિયાએ જોયું છે. કોંગ્રેસ તથા અન્ય પક્ષોએ પણ પુલવામાના શહીદોને અંજલિ આપી હતી.

કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે પણ ચૂંટણીવાળા પુડુચેરીમાં એક રેલીમાં આતંકવાદ સામેના 'નિર્ણાયક નેતૃત્વ' અને 'મક્કમ કાર્યવાહી' માટે વડા પ્રધાનના વખાણ કર્યા હતા અને પુલવામા હુમલા બાદ કરવામાં આવેલી બાલાકોટ એરસ્ટ્રાઈક અને પહલગામ હુમલા બાદ હાથ ધરવામાં આવેલા ઓપરેશન સિંદૂરની પ્રશંસા કરી હતી. અનેક મુખ્યમંત્રીઓ અને કોંગ્રેસના ટોચના નેતાઓએ શહીદ સૈનિકોને શ્રદ્ધાંજલિ અર્પી હતી અને કહ્યું હતું કે, રાષ્ટ્ર માટેની તેમની સેવા હંમેશાં યાદ રાખવામાં આવશે.

14 ફેબ્રુઆરી, 2019ના રોજ એક આત્મઘાતી હુમલાખોરે સેન્ટ્રલ રિઝર્વ પોલીસ ફોર્સ (સીઆરપીએફ)ના જવાનોને લઈ જતી બસ સાથે વિસ્ફોટક ભરેલું પોતાનું વાહન અથડાવ્યું હતું, જેમાં 40 જવાનો શહીદ થયા હતા.

દિવસો પછી ભારતે વળતો હુમલો કર્યો હતો, જે બાલાકોટ એરસ્ટ્રાઈક તરીકે ઓળખાયો.

ઉપરાષ્ટ્રપતિ સી. પી. રાધાકૃષ્ણને જીવ ગુમાવનાર સીઆરપીએફ જવાનોને શ્રદ્ધાંજલિ આપતાં કહ્યું હતું કે, તેમનું બલિદાન રાષ્ટ્રની સ્મૃતિમાં કાયમ માટે અંકિત રહેશે.

ચૂંટણીવાળા આસામના ગુવાહાટીમાં એક જાહેર સભાને સંબોધતાં વડા પ્રધાન મોદીએ કહ્યું હતું કે, સરકારે આતંકવાદી હુમલાનો કેવી રીતે જવાબ આપ્યો તે વિશ્વએ જોયું છે. મોદીએ કહ્યું, ''આતંકવાદી હુમલા પછી સમગ્ર વિશ્વએ જોયું કે ભારતે આ આતંકવાદીઓને કેવી રીતે સજા આપી.''